દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬

# અરૂણાચલથી માત્ર ૮૦૦ કિમી દૂર ચીનનો અણુ શસ્ત્રાગાર, ભારત માટે ચિંતા

વિશ્વ સત્તા બનવા માટેના ચીનના ધખારા જાણીતા છે અને તે ઝડપભેર પોતાના લશ્કરને વધુને વધુ શક્તિશાળી બનાવી રહ્યું છે અને પોતાનો અણુશસ્ત્રોનો જથ્થો વધારી રહ્યું છે. સિક્યુઆન પ્રાંતમાં ગુપ્ત સુવિધાઓ પર ચીન આક્રમક રીતે તેના પરમાણુ શસ્ત્રાગારનું નિર્માણ કરી રહ્યું છે. ચીનનું પરમાણુ શસ્ત્રાગાર ઝડપથી વધ્યું છે અને હવે તે 2026ની શરૂઆત સુધીમાં લગભગ 600 વોરહેડ્સ સાથે વિશ્વનું ત્રીજું સૌથી મોટું શસ્ત્રાગાર છે, જે માત્ર રશિયા અને અમેરિકાથી પાછળ છે. ચીન હવે 2030 સુધીમાં 1,000 થી વધુ અણુબોમ્બ ધરાવવા સુધી પહોંચવાના માર્ગ પર છે. પરંતુ આપણા માટે ચિંતા વધારે તેવો અહેવાલ હાલમાં એ બહાર આવ્યો છે કે અરૂણાચલ પ્રદેશની નજીક જ તે એક વિશાળ અણુ સુવિધા વિકસાવી રહ્યું છે. સેટેલાઇટ ઈમેજોમાં દક્ષિણ-પશ્ચિમ ચીનના સિક્યુઆન પ્રાંતના પહાડોમાં ઊંડે આવેલી ગુપ્ત પરમાણુ સુવિધાઓમાં વિસ્તરણ અને અપગ્રેડેશન જોવા મળ્યું છે, જે અરુણાચલ પ્રદેશથી લગભગ 800 કિમી દૂર છે.

આની વિગતો ન્યૂયોર્ક ટાઇમ્સના અહેવાલમાં આપવામાં આવી હતી, જેમાં સિક્યુઆનની ખીણોમાં બે મુખ્ય સાઇટ્સ પર ભાર મૂકવામાં આવ્યો હતો: ઝિતોંગ અને પિંગતોંગ. માઓ ઝેડોંગ યુગની ચીનની થર્ડ ફ્રન્ટ પહેલના ભાગરૂપે આ સુવિધાઓ મૂળભૂત રીતે છ દાયકા પહેલા અમેરિકા અથવા તત્કાલીન સોવિયેત યુનિયનના સંભવિત હુમલાઓથી પરમાણુ ઉત્પાદનને બચાવવા માટે બનાવવામાં આવી હતી. NYT અહેવાલ મુજબ, હજારો વૈજ્ઞાનિકો, ઇજનેરો અને કામદારોએ પહાડી વિસ્તારોમાં આંતરિક પરમાણુ સામ્રાજ્ય કોતરી કાઢ્યું હતું. પરંતુ 1980 ના દાયકામાં તણાવ ઓછો થતાં ઘણી સાઇટ્સમાં ઘટાડો કરવામાં આવ્યો હતો અથવા તે બંધ કરવામાં આવી હતી. આ સાઇટ્સના કર્મચારીઓ નજીકના મિયાનયાંગમાં નવી લેબમાં ખસેડાયા હતા. જો કે, છેલ્લા બે દાયકામાં પરિસ્થિતિ બદલાઈ છે, ચીન હવે ફરીથી આ અણુ સવલત વિકસાવવા માંડ્યું છે. જિયોસ્પેશિયલ ઇન્ટેલિજન્સ એક્સપર્ટ રેની બાબિયાર્ઝ, જેમણે સેટેલાઇટ ઇમેજનું વિશ્લેષણ કર્યું અને NYT સાથે તેમના તારણો શેર કર્યા, તેમણે આ ફેરફારોને ઝડપી વૃદ્ધિ તરીકે વર્ણવ્યા છે. બાબિયાર્ઝે નોંધ્યું હતું કે ચીનભરમાં વિવિધ પરમાણુ સાઇટ્સ પર ઉત્ક્રાંતિ 2019ની આસપાસથી વેગ પકડી રહી છે. પરમાણુ શસ્ત્રો તેનો એક અભિન્ન ભાગ છે. ચીને ઓપરેશનલ સજ્જતા અંગેની ચિંતાઓને વચ્ચે પીપલ્સ લિબરેશન આર્મીના રોકેટ ફોર્સના નેતૃત્વમાં ફેરબદલ કર્યો છે. સિક્યુઆનની ઝિતોંગ વેલીમાં અણુ સવલત વિકસાવાઇ રહી છે. ઝિતોંગમાં, ઇજનેરોએ ખીણના વિસ્તારમાં નવા બંકરો અને રક્ષણાત્મક દિવાલો બનાવી છે. એક નવા સંકુલમાં વ્યાપક પાઇપિંગ છે, જે સૂચવે છે કે તે અત્યંત જોખમી પદાર્થોનું સંચાલન કરે છે. નિષ્ણાતો માને છે કે આ બંકરો અને કિલ્લેબંધીવાળા વિસ્તારો સંભવતઃ ઉચ્ચ વિસ્ફોટકોના પરીક્ષણ માટે ઉપયોગમાં લેવાય છે - જે રાસાયણિક સંયોજનો પરમાણુ સામગ્રીને સંકુચિત કરવા અને વોરહેડ્સમાં સાંકળ પ્રતિક્રિયા શરૂ કરવા માટે વિસ્ફોટ કરે છે. પિંગતોંગ વેલીની સુવિધા પ્લુટોનિયમ-પેક્ડ વોરહેડ કોર્સનું ઉત્પાદન કરે છે એવી અટકળ છે. પિંગતોંગ, અન્ય એક ખીણમાં આવેલી ડબલ-ફેન્સીંગ સુવિધા છે, જે પરમાણુ વોરહેડ્સ માટે પ્લુટોનિયમ-પેક્ડ કોર્સ - જેને પિટ્સ તરીકે ઓળખવામાં આવે છે - ઉત્પન્ન કરતી હોવાનું માનવામાં આવે છે. તેના મુખ્ય માળખામાં 360-ફૂટ ઊંચી વેન્ટિલેશન સ્ટેક છે. તાજેતરના નવીનીકરણમાં નવા વેન્ટ્સ અને હીટ ડિસ્પર્સર્સનો સમાવેશ થાય છે, અને મુખ્ય ઇમારતની બાજુમાં વધારાનું બાંધકામ ચાલુ છે. પ્રવેશદ્વારની ઉપર, મોટા અક્ષરોમાં ચીની નેતા શી જિનપિંગનું એક સૂત્ર પ્રદર્શિત છે: તમારા મૂળ હેતુને વળગી રહો અને હંમેશા મિશનને યાદ રાખો, જે અવકાશમાંથી પણ જોઈ શકાય છે. આ સિક્યુઆન સાઇટ્સ પ્રાંતમાં અનેક ગુપ્ત પરમાણુ-સંબંધિત સ્થળોમાંની એક છે જેમાં વિસ્તરણ અને અપગ્રેડેશન જોવામાં આવ્યું છે. આ નિર્માણમાં મિયાનયાંગમાં એક વિશાળ લેસર ઇગ્નિશન લેબનો પણ સમાવેશ થાય છે, જે વાસ્તવિક વિસ્ફોટો વિના પરમાણુ વોરહેડ્સના અભ્યાસમાં મદદ કરી શકે છે.

ચીનનો પરમાણુ ભંડાર 2030 સુધીમાં લગભગ બમણો થઈ જશે. પેન્ટાગોનના તાજેતરના વાર્ષિક અંદાજ મુજબ, 2024ના અંત સુધીમાં ચીનનો પરમાણુ ભંડાર 600 થી વધુ વોરહેડ્સનો હતો અને 2030 સુધીમાં તે 1,000 સુધી પહોંચવાનો અંદાજ છે. જોકે આ અમેરિકા અને રશિયા પાસે રહેલા હજારો વોરહેડ્સ કરતા ઘણું ઓછું છે, પરંતુ તેની વૃદ્ધિની ગતિ ચિંતા પેદા કરે છે. વળી ચીન ભારે ગુપ્તતા જાળવતું હોવાને કારણે તેની ઘણી ગતિવિધિઓની માત્ર અકટળો કરવાની રહે છે. આનાથી સ્વાભાવિક રીતે અમેરિકા સાથે તણાવ વધ્યો છે, ખાસ કરીને કારણ કે વોશિંગ્ટન અને મોસ્કો વચ્ચેની છેલ્લી મોટી દ્વિપક્ષીય શસ્ત્ર નિયંત્રણ સંધિ સમાપ્ત થઈ ગઈ છે, જેનાથી પરમાણુ શસ્ત્રો પર કોઈ બંધનકર્તા વૈશ્વિક નિયમો બાકી રહ્યા નથી. અમેરિકી અધિકારીઓ દલીલ કરે છે કે ભાવિ કોઈપણ કરારમાં ચીનનો સમાવેશ થવો જોઈએ, પરંતુ બેઇજિંગે તેમાં કોઈ રસ દાખવ્યો નથી. ચીનના આ અપગ્રેડેશનના ઉદ્દેશ્યો પણ સ્પષ્ટ નથી. ચીને અરુણાચલ પ્રદેશથી આશરે 800 કિમી દૂર સિક્યુઆન પ્રાંતમાં ગુપ્ત રીતે તેના પરમાણુ શસ્ત્રાગારમાં વધારો કર્યો છે તે બાબત આપણા માટે વધુ ચિંતા જન્માવનારી છે.

## સાચો ધનવાન કોણ?

એક કંજૂસ શેઠને બે દીકરા હતા. નાનો દીકરો શેઠ જેવો સ્વભાવ ધરાવે. એકદમ કંજૂસ અને મોટો પુત્ર વિપરીત સ્વભાવનો હતો. તે કંજૂસાઈ કરતો ન હતો. સમાજસેવામાં જરૂરિયાતમંદોને અને નોકરોને સતત મદદ કરતો. કંજૂસ શેઠને પોતાના મોટા દીકરાનું આ ઉદાર વર્તન ગમતું નહીં. કંજૂસ શેઠના ઘરે એક દિવસ તેમના કુલગુરુ પધાર્યા. શેઠે તેમનું સ્વાગત કર્યું. પૂરો પરિવાર તેમના આશિષ લેવા આવ્યો. કુલગુરુની ચરણવંદના બાદ કંજૂસ શેઠે કુલગુરુને ફરિયાદ કરી કે, ‘‘ગુરુજી, મારા મોટા દીકરાને જરા ઉપદેશ આપો કે, લક્ષ્મીને સાચવીને રાખે, નહીં તો લક્ષ્મી તેની પાસે રહેશે નહીં. તે તો ખૂબ જ પૈસા વાપરે છે. મારી ઈચ્છા છે કે તે પણ મારા નાના દીકરાની જેમ સત્ય હકીકત સમજી લક્ષ્મીને જાળવીને, સાચવીને રાખે નહીં તો આ શ્રીમંતાઈ રહેશે નહીં.’’ કુલગુરુ હસ્યા અને પછી બોલ્યા, ‘‘શેઠજી,



તમારી સમજણમાં ભૂલ છે. મારી નજરમાં તો તમારો મોટો દીકરો સાચો ધનવાન છે અને તે વર્ષોવર્ષ નહીં... માત્ર આ જન્મ નહીં પણ જન્મોજન્મ ધનવાન જ રહેશે.’’ શેઠજી બોલ્યા, ‘‘ગુરુજી, કંઈ સમજાયું નહિ. મારો મોટો દીકરો મહેનત કરે છે. પૈસા કમાય છે પણ પૈસાને જરાય સાચવતો નથી તો પછી તે કઈ રીતે હંમેશા ધનવાન રહેશે?’’

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

ગુરુજી બોલ્યા, ‘‘ શેઠજી, તમારી દૃષ્ટિમાં કણકણનો સંગ્રહ કરે. એક એક પૈસો બચાવે. તે જીવનભર શ્રીમંત રહે પરંતુ મારી દૃષ્ટિએ જીવનમાં મહેનત કરીને પૈસા કમાય અને દરેક પૈસાનો સંગ્રહ કર્યા વિના જીવનમાં પ્રાપ્ત કણ કણ અને પૈસાનો સદ્દુપયોગ કરે અને પોતાના જીવનની ક્ષણ ક્ષણનો ઉપયોગ સારા કામ કરવામાં કરે તે જન્મોજન્મ શ્રીમંત જ રહે છે.’’ શેઠજી બોલ્યા, ‘‘ ગુરુજી એ કઈ રીતે?’’ ગુરુજીએ કહ્યું, ‘‘સમજો, આ જીવનમાં કંજૂસાઈ કરીને બચાવેલો એક એક પૈસો માત્ર આ જીવન દરમિયાન કામ લાગશે. આ જીવનનો જમા થયેલો પૈસો આગલા જન્મમાં કામ નહીં આવે. પરંતુ સતત મહેનત કરીને કમાયેલો પૈસો જીવનની ક્ષણે ક્ષણે સારાં કામ કરવામાં, વાપરવામાં આવશે તો તમારાં પુણ્ય માત્ર આ જન્મમાં નહીં પરંતુ જન્મોજન્મ સુધી જમાપૂંજી તરીકે સાથે રહેશે માટે શેઠજી, તમે કંજૂસાઈ છોડો. મોટા દીકરા પાસેથી જીવન જીવવાની સાચી રીત શીખો. લક્ષ્મીને સન્માર્ગે વાપરો.મહેનત કરીને મેળવેલી કણ કણનો સદ્દુપયોગ કરો તો સાચા અર્થમાં ધનવાન બની જશો.’’ શેઠજી અને તેના પરિવારે ગુરુજીની શીખ સમજી અને આશિષ લીધા.

# એપ્સ્ટીન ફાઈલ: એક વ્યવસ્થાગત પ્રશ્ન

**કહેવાની વાત**

**નેહા શાહ**

અમેરિકાના જસ્ટીસ ડિપાર્ટમેન્ટ તરફથી એક પછી એક એપ્સ્ટીન ફાઈલની વિગતો બહાર આવી અને એ સાથે માનવામાં ન આવે એવી અમાનવીય હકીકતો બહાર આવી! આ ફાઈલોને કારણે સત્તાશાળી વર્ગની ભોગવાદી જાતીય જીવનશૈલી જાહેર ચર્ચામાં આવી, જેમાં નથી કોઈ અફસોસ કે પશ્ચાત્તાપની ભાવના કે નથી કાનૂન પ્રત્યેનો આદર. આ ઘટનાએ સગીર બાળાઓની તસ્કરી અને જાતીય હિંસા જેવા જઘન્ય અપરાધને જાણે સામાન્ય બનાવી દીધા! વર્ષો સુધી ચાલેલા સગીર બાળાઓના યૌન શોષણના અપરાધની આ ઘટનાએ સાબિત કર્યું કે જ્યારે અઢળક ધન અને રાજકીય સત્તાની નજદીકીથી જે અરસપરસ સાંઠ-ગાંઠ ઊભી થાય છે એ સત્તાના અહંકારને પોષે છે અને એમાંથી વિશ્વાસ ઊભો થાય છે કે કોઈ એમનું કશું બગાડી શકવાનું નથી! શ્રીમંત અને શક્તિશાળી લોકોનું ગુનાહિત નેટવર્ક કાનૂન અને વ્યવસ્થાને તોડી મરોડવાની એટલી તાકાત ઊભી કરી શકે છે કે તેઓ સજાથી જોજનો દૂર છે! ભ્રષ્ટાચારની આ પરાકાષ્ઠા છે.

૨૦૦૮માં એપ્સ્ટીને સગીર બાળાનું જાતીય શોષણ કર્યું હોવાના ગુનાની કબૂલાત કરી હતી, છતાં એપ્સ્ટીનને સાવ હળવી સજા થઈ. એની સાથે જોડાયેલા અનેક શ્રીમંત અને શક્તિશાળી લોકોનો જ પ્રભાવ હશે. એનાથી એપ્સ્ટીનને એક જુદી જ તાકાત મળી. સત્તામાં જે પણ હોય, એપ્સ્ટીન પોતાના સંપર્કોને કારણે સજાથી બચેલો જ રહેશે એવો જ કોઈ વણલખ્યો સંદેશો દુનિયાભરમાં ગયો હશે એટલે જ તો શક્તિશાળી પાવર બ્રોકર તરીકે એનું કામ ચાલુ જ રહ્યું. ભારત સહિત દુનિયાના નેતાઓનાં નામ આ ફાઈલમાં ખૂલી રહ્યાં છે. તેમણે એપ્સ્ટીન સાથે ૨૦૦૮ પછી જ સંપર્ક કર્યો હતો. અમેરિકાના વર્તમાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ભૂતપૂર્વ પ્રમુખ બિલ ક્લીન્ટન, કરોડો રૂપિયા પરોપકાર માટે દાન કરનાર માઈક્રોસોફ્ટના સ્થાપક ઉદ્યોગપતિ બિલ ગેટ્સ, ઈંગ્લેન્ડના રાજવી પરિવારના કુંવર પ્રિન્સ એન્ડ્રુઝ, નોર્વેની રાજકુંવરી મેટમેરીટ, ઈઝરાઈલના ભૂતપૂર્વ વડા પ્રધાન એહદ બરાક સહિત દુનિયાભરનાં અનેક મોટાં માથાં ૨૦૦૮ પછી પણ એપ્સ્ટીન સાથે અંગત કે વ્યાવસાયિક રીતે સંપર્કમાં હતા. ભારતના ઉદ્યોગપતિ અનિલ અંબાણી અને પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંઘ પુરી જેવાં પ્રભાવી લોકોએ એપ્સ્ટીનને વ્યાવસાયિક કારણો માટે ૨૦૦૮ પછી જ સંપર્ક કર્યો હતો. હરદીપસિંઘ પુરી તો ત્રણેક વખત એમના ઘરે પણ ગયા હોવાની વિગતો બહાર આવી છે. પેટ્રોલિયમ મંત્રીએ હળવી શૈલીમાં કરેલી પત્રકાર પરિષદ પણ અરુચિકર જ હતી. તેમનું નામ એપસ્ટીન ફાઈલમાં ખૂલવાથી કેટલાંક લોકો તેમની ઈર્ષ્યા પણ કરે છે, જેવી ટીપ્પણી જાતીય તસ્કરી પ્રત્યેનો તેમનો અભિગમ બતાવે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું નામ પણ ભારત-અમેરિકાના સંબંધને મજબૂત બનાવવા માટે એપ્સ્ટીનનો સંપર્ક કર્યો હોવા માટે જ બહાર આવ્યું છે. એનો અર્થ એ થયો કે વ્યાવસાયિક ફાયદા સામે સગીર છોકરીઓના યૌન શોષણના ગંભીર આરોપો ગૌણ બની ગયા! જાતીય શોષણની ઘટના જ્યાં સુધી જાહેરમાં આવતી નથી ત્યાં સુધી નૈતિકતાને સ્પર્શતી પણ નથી. જરૂરી નથી કે ફાઈલમાં ખૂલેલાં દરેક નામ જાતિય શોષણના અપરાધ સાથે સંકળાયેલાં હતાં, પણ એપ્સ્ટીનનાં કરતુતોથી વાકેફ હોવા છતાં તેમને એની સાથે વ્યાવસાયિક સંબંધો કેળવવામાં કોઈ ખંચકાટ ન હતો! મહિલાઓના જાતીય શોષણને અટકાવવા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું વજૂદ આટલું જ છે. જો મીઆમી હેરાલ્ડના પત્રકાર જુલીબ્રાઉને ૨૦૧૭-૧૮માં ‘પર્વર્સન ઓફ જસ્ટીસ’ નામની શ્રેણીમાં એંસીથી વધુ પીડિતાની તપાસ કરી તેમની વાત ના લખી હોત તો કદાચ હજુ પણ એપ્સ્ટીનનું ગુનાહિત સામ્રાજ્ય ચાલુ રહ્યું હોત. આ ફાઈલોની વિગતો બહાર આવી એનો મતલબ એવો નથી કે પીડિતાઓને ન્યાય મળી જશે. અત્યારે તો એમનાં નામ અને ઓળખની માહિતી ખુલ્લી પડી રહી છે, જ્યારે એમનો દુરુપયોગ કરનારા પુરુષો મુક્ત ફરી રહ્યા છે. આનાથી વધુ અસુરક્ષિત અને અપમાનજનક બીજું શું હોઈ શકે?

> **આ ફાઈલોને કારણે સત્તાશાળી વર્ગની ભોગવાદી જાતીય જીવનશૈલી જાહેર ચર્ચામાં આવી, જેમાં નથી કોઈ અફસોસ કે પશ્ચાત્તાપની ભાવના કે નથી કાનૂન પ્રત્યેનો આદર. આ ઘટનાએ સગીર બાળાઓની તસ્કરી અને જાતીય હિંસા જેવા જઘન્ય અપરાધને જાણે સામાન્ય બનાવી દીધા!**

મૂડીવાદી વિકાસે મહિલાઓ માટે તક ઊભી કરી વિકાસ માટે દરવાજા ખોલ્યા છે એ વાત સાચી, પણ એને સમાંતર વ્યવસ્થાના નેતૃત્વમાં પુરુષપ્રધાન મૂલ્યોનું પ્રભુત્વ ઓછું થયું નથી. કશામાં પણ બજારયોગ્ય તક શોધતી વ્યવસ્થા દરેક ઈચ્છા સંતોષવા માટે બજારમાં લે-વેચની વ્યવસ્થા ઊભી કરે છે. જ્યાં મુઠ્ઠીભર લોકો પાસે બેહિસાબ સંપત્તિ છે, ઈચ્છે તે ભોગવી શકે એટલી ખરીદશક્તિ છે ત્યાં સ્ત્રીનું શરીર પણ ધનિક અને શક્તિશાળી લોકોને આનંદ આપતી ‘વસ્તુ’ માત્ર બની રહે છે. આ મૂલ્યો આપણા વ્યવહારમાં એટલાં તો વણાઈ ગયાં છે કે એમાં કશું અજુગતું પણ નથી લાગતું! સ્ત્રીનું શારીરિક શોષણ કે એની સામેની જાતીય હિંસા જિંદગીનો સામાન્ય હિસ્સો છે. સ્ત્રીને ઉપભોગની વસ્તુ તરીકે રજૂ કરવાનો દષ્ટિકોણ આપણે સિનેમા કે જાહેરાતોમાં જોઈએ છીએ-એપ્સ્ટીન ફાઈલ આ વૃત્તિની ચરમસીમા છે. ટૂંકમાં, જ્યાં સુધી સમાજમાં સત્તાનું અસંતુલન હશે ત્યાં સુધી એપ્સ્ટીન ઘટના બનવાની શક્યતા રહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ન્યાય અને શિક્ષણ જેવા નાગરિક અધિકારો માતૃભાષામાં મળતા થાય તો માતૃભાષા દિવસની ખરી ઉજવણી થાય!

**રાજ કાજ ગુજરાત**

**કાર્તિકેય ભટ્ટ**

> **ગુજરાત વિધાનસભામાં 150 થી વધુ ધારાસભ્યો ભાજપના છે. સંસદમાં ૨૬ સાંસદો ભાજપના છે. બન્ને જગ્યાએ ભાજપ સત્તામાં છે. દેશના શીર્ષસ્થાન પર બે ગુજરાતી બેઠા છે પણ ગુજરાતની હાઈકોર્ટમાં ગુજરાતી ભાષામાં કેસ લડી શકાતો નથી. ગૃહમંત્રીશ્રી પ્રવચનમાં બોલ્યા હતા કે એક દિવસ એવો આવશે કે માત્ર અંગ્રેજી જાણનારે શરમાવું પડશે પણ અત્યારે હાલત એ છે કે ગુજરાતીવાળા શરમમાં મુકાય છે**

ગુજરાત વિધાનસભામાં 150 થી વધુ ધારાસભ્યો ભાજપના છે. સંસદમાં ૨૬ સાંસદો ભાજપના છે. બન્ને જગ્યાએ ભાજપ સત્તામાં છે. દેશના શીર્ષસ્થાન પર બે ગુજરાતી બેઠા છે પણ ગુજરાતની હાઈકોર્ટમાં ગુજરાતી ભાષામાં કેસ લડી શકાતો નથી. ગૃહમંત્રીશ્રી પ્રવચનમાં બોલ્યા હતા કે એક દિવસ એવો આવશે કે માત્ર અંગ્રેજી જાણનારે શરમાવું પડશે પણ અત્યારે હાલત એ છે કે ગુજરાતીવાળા શરમમાં મુકાય છે.

૨૧ ફેબ્રુઆરીએ માતૃભાષા દિવસની ઉજવણીનો દિવસ છે. આમ તો સાહિત્ય અને ભાષા બે અલગ બાબત છે અને માતૃભાષા દિવસની ઉજવણી પણ સાહિત્યના ગાન ગાવા માટે શરૂ નથી થઈ. બાંગ્લા દેશના સ્વતંત્ર થયા પછી બંગાલી ભાષા જાણતા બાંગલાનાં વિદ્યાર્થીઓએ ઢાકા યુનિવર્સિટીમાં મને મારી ભાષામાં શિક્ષણ મળવું જોઈએ તેવી માંગ કરી તે મમતે આંદોલન કર્યું અને સરકારની ગોળી ખાધી. માતૃભાષામાં શિક્ષણની માંગ માટે મોતને ભેટવાનો આ પ્રથમ કિસ્સો હતો. યુનેસ્કોએ આ ઘટનાને યાદ રાખીને ૧૯૯૯ થી વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી શરૂ કરી જેનો મૂળ આશય નાગરિક અધિકારો વ્યવહારોમાં માતૃભાષાનું મહત્ત્વ અને ઉપયોગ વધે. એટલે કે ફટાકડાના, દૂધના પેકેટથી માંડીને યુનિવર્સિટી અને ન્યાયાલયોમાં માતૃભાષાનો સ્વીકાર થાય. આજે તો માતૃભાષા દિવસની ઉજવણીમાં સાહિત્યકારો ચડી બેઠા છે અને સાહિત્ય સ્વરૂપ ભાષાની મીઠાશ અને અમે સારા તમે સારાના વાડકી વ્યવહારમાં લાગ્યા છે. ગુજરાત સરકારે પરિપત્ર કર્યો છે કે દરેક જાહેર જગ્યાએ ગુજરાતીમાં સૂચના લખવી ફરજીયાત છે પણ મલ્ટીપ્લેક્ષથી માંડીને બેન્કોમાં બધે આજે પણ પાટિયાં અંગ્રેજીમાં હોય છે. ગુજરાત હાઈકોર્ટે તો હમણાં જ બે કેસમાં સ્પષ્ટ ના પાડી કે ગુજરાતી નહિ ચાલે. હવે તો ગરબામાં પણ ગુજરાતી ગીતોનું સ્થાન હિન્દી ગીતો લેવા લાગ્યાં છે. અમુલ આમ તો વિશ્વ કક્ષાએ પહોંચ્યું છે પણ તેની દૂધની થેલી પર અગત્યની સૂચનાઓ અંગ્રેજીમાં હોય છે. કારણ અંગ્રેજી અધિકારીઓની ભાષા છે. ગુલામી ગઈ નથી.

શું યુનિવર્સિટી કે હાઈકોર્ટમાં માતૃભાષા ના ચાલે? ચાલે, પણ આ માટે દેશની સંસદમાં આપણા સંસદ સભ્યોએ દેશની માતૃભાષાઓ માટે નિસ્બતપૂર્વક ચર્ચા કરવી પડે. આમ તો વહીવટનું વિકેન્દ્રીકરણ કરવા માટે એક જ કાયદો પસાર થાય કે દેશમાં દરેક રાજ્યની રાજ્યભાષા એટલે કે જે તે રાજ્યની માતૃભાષામાં શિક્ષણ, ન્યાય અને ગ્રાહક અધિકારની વાત માતૃભાષામાં થશે તો કોઈ પ્રશ્ન જ ના રહે.

જો આપણે કાશ્મીરમાં ૩૭૦ કલમ દૂર કરી શકતાં હોઈએ, અનેક બંધારણીય સુધારા કરી શકતાં હોઈએ તો રાજ્યોની હાઈ કોર્ટમાં માતૃભાષાનો વિકલ્પ પણ મળશે તે નક્કી કરી જ શકીએ પણ આપણા નેતાઓને આવી નિસ્બત હોય તેવું દેખાતું નથી.

યાદ રાખો, માતૃભાષા એ રોજિંદા જીવન વ્યવહારની ભાષા છે. રીક્ષાવાળો, શાકવાળો, દૂધવાળો, લુહાર, સુથાર બધાં બોલે છે તે આ ભાષા છે. તે માત્ર પંડિતોની ભાષા નથી. સાહિત્યકારો ભાષા નથી જીવાડતાં. હા, કેટલાક સાહિત્યકારો, વક્તાઓ, ગાયકોનાં ઘર ભાષાના કારણે ચાલે છે. ભાષાને ખોળે માથું મૂકનાર નર્મદ કે કોશિયો સમજે તેવી સરળ ભાષા લખનારા મહત્મા ગાંધી ખરા ભાષાપ્રેમી હતા. નરસિંહ મહેતા માત્ર કૃષ્ણ ભક્તિના કવિ નથી. એ તો સામાજિક ક્રાંતિ અને જનસામાન્ય સુધી ગુજરાતીને પહોંચાડનારો કવિ છે. પ્રેમાનંદ થકી ગુજરાતમાં ઘરે ઘરે ગુજરાતી ગવાતી થઈ છે અને દેશવિદેશમાં વસતાં કરોડો ગુજરાતીઓની ભાષા ભૂખ ગોતી લો ગીતના દસ કરોડ વ્યૂ અપાવે છે. માતૃભાષાને આજે તો વિક્રમ ઠાકોર અને જીગ્નેશ કવિ રાજ જીવાડે છે. ગુજરાતને મણિરાજ બારોટ ‘સનેડો’ ફરી યાદ અપાવે છે. ૨૧ ફેબ્રુઆરી ગુજરાતી યુવાનોમાં બાંગલાદેશી યુવાનોમાં જાગેલા આત્મસન્માન અને મારું શિક્ષણ મારી ભાષામાં મારો ન્યાય મારી ભાષામાં જેવા ઝનૂન જગાડે અને વેવલી વેવલી વાતોમાં ઉજવણીનો કર્મકાંડ ના થઈ જાય તે શુભેચ્છા.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વિકસતું સુરત: ભવિષ્યના પડકારો અને વર્તમાન સમસ્યાઓ

સુરત આજે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાંનું એક છે. હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગને કારણે આ શહેર આર્થિક રીતે સમૃદ્ધ છે, પરંતુ આ ઝડપી વિકાસ તેની સાથે કે ટલીક ગંભીર સમસ્યાઓ પણ લાવ્યો છે જે સુરતીઓના રો જીંદા જીવનને પ્રભાવિત કરે છે. ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાઃ સુરતની સૌથી મોટી માથાના દુખાવા સમાન સમસ્યા ટ્રાફિક છે. મેટ્રો રેલનું કામ ઝડપથી ચાલી રહ્યું છે તે પ્રશંસનીય છે, પરંતુ હાલમાં સીટી બસ અને બીઆરટીએસ કનેક્ટિવિટી એક મહત્વનો મુદ્દો છે. ગંદકી અને પ્રદૂષણઃ ‘સ્વચ્છ સર્વેક્ષણ’ માં ઉચ્ચ ક્રમાંક મેળવવા છતાં, ખાડીઓની સફાઈ અને ઔદ્યોગિક એકમો દ્વારા છોડવામાં આવતા પ્રદૂષિત પાણીની સમસ્યા હજુ પણ યથાવત છે. પાંડેસરા અને સચિન જેવા વિસ્તારોમાં વાયુ પ્રદૂષણ ચિંતાનો વિષય છે. રખડતા ઢોરનો ત્રાસઃ જાહેર રસ્તાઓ પર રખડતા ઢોરને કારણે અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે, જે નિર્દોષ નાગરિકો માટે જીવલેણ સાબિત થાય છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (SMC) આ દિશામાં કામ કરી રહી છે, પરંતુ માત્ર તંત્રના ભરોસે રહેવાને બદલે નાગરિકોએ પણ ટ્રાફિકના નિયમોનું પાલન અને સ્વચ્છતા જાળવવામાં સાથ આપવો પડશે. જો આ પાયાની સમસ્યાઓ ઉકેલાય, તો જ સુરત ખરા અર્થમાં ‘સ્માર્ટ સિટી’ બની શકશે.

**સુરત - પરમાર રાહુલ**

## માવતરનું ઋણ

12 ફેબ્રુઆરીના ગુજરાતમિત્ર દૈનિકની શો ટાઇમ પૂર્તિ અંતર્ગત ફિલ્મ બાગબાનના કલાકાર સમીર સોનીના વિચારો સોશ્યલ મિડિયા દ્વારા રજૂ થયા. જેમાં પિતાની ભૂમિકા અદા કરનાર અમિતાભ ખલાનાયક હતાં એવું સમીર સોનીનું અને નવી પેઢીનુ માનવુ છે. પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે ચાર દીકરાના ઉછેરમાં પિતાનુ યોગદાન જ હશે. સંજય મલ્હોત્રાને પિતાનુ ટાઈપ રાઈટર પણ અવાજ કરતુ લાગે છે. કડવા ચોથના ઉપવાસના પારણા માટે પણ પુત્રવધુ મનઘડત વિચાર કરી લે છે. પિતાના ચશ્મા રીપેર કરવા માટે પણ ઉપેક્ષિત વર્તન કરવામા આવે છે. આ તમામ બાબતો પુત્ર-પુત્રવધુને શોભે છે. ફિલ્મ કાલ્પનીક વાર્તા હતી એમ સમજીએ તો પણ આ આપણા સમાજનુ કડવુ અને વરવુ પ્રતિબિંબ છે. અપવાદ સર્વત્ર છે અને હોય જ. પણ જે માવતરે સમગ્ર જીવનની મૂડી સંતાનોની કારકિર્દી ઉજ્જવળ બને એવા આશયથી ખર્ચી નાંખી હોય એવા માવતર પણ વૃધ્ધાશ્રમમાં જીવન વિતાવતા હોય છે. સાથે રહેતા હોય તો પણ સંતાનોની મરજી મુજબ જીવવાનુ હોય છે. બે પેઢી વચ્ચે વૈચારિક સંઘર્ષ એટલી હદે વિસ્તરી જાય છે કે ન છુટકે વિભક્ત કુટુંબનો નિર્ણય અમલમા મૂકવો પડે છે. બાગબાનમાં માતા-પિતાને અલગ કરવામા આવે છે. જેમની વચ્ચે સ્નેહનો સેતુ અતૂટ હતો. નવી પેડી સમીર સોનીના વિચાર સાથે સહમતી હોય તો એ એમની વિચારધારા છે. પણ માવતરના ઉપકાર કદી વિસરાવા ન જ જોઈએ.

**સુરત - નેહા શાહ**

## ટેક્નોલોજીનો અતિરેક નુકસાન કરે છે

આપણી સગવડ અને સુવિધા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે પરંતુ આ જ ટેક્નોલોજીનો અતિરેક થાય ત્યારે તે નુકસાનકારક બની રહે છે. સભાખંડમાં બધાં સ્પષ્ટ સાંભળી શકે એ માટે સ્પીકરનો ઉપયોગ શરૂ થયો. પરંતુ આ જ લાઉડ સ્પીકરો દ્વારા હાઈ પીચ પર અવાજ કાનફાડુ બની જાય ત્યારે તે ત્રાસદાયક બને છે. જાહેરમાં છાસવારે ઊજવાતા ઉત્સવ પ્રસંગોમાં ડીજેનો ઘોંઘાટ ધ્વનિ પ્રદૂષણની ચરમ વૃદ્ધિ કરે છે. સંગીતનાં સાધનોમાં ટેક્નોલોજીના કારણે સંગીતનું સ્તર સુધર્યું હોય એવું લાગતું નથી. કેમ કે જૂનાં ફિલ્મી ગીતોમાં ટાંચાં સાધનો વડે જે કર્ણપ્રિય મધુર સંગીત અપાયું એવું માધુર્ય અત્યારની ટેક્નોલોજીના ઉપયોગથી અપાતાં સંગીતમાં નથી. હમણાં એક કોલેજના વાર્ષિકોત્સવમાં એક દીકરીએ ખૂબ સુંદર ભરતનાટ્યમ્ રજૂ કર્યું. પરંતુ સ્ટેજના પરદા પર સતત બદલાતી LED ઈફેક્ટને કારણે એ નૃત્યની ભાવભંગિ અને મુખભાવો સ્પષ્ટ રીતે કળી જ ન શકાયાં. સતત નેપથ્યના પડદે પડતી LED ઈફેક્ટ નૃત્યને અવરોધક બની. માનવીય સંવેદના અને મનોભાવો ટેક્નોલોજી કારણે રૂંધાઈ જાય એ પહેલાં ટેક્નોલોજીના ઉપયોગ વખતે વિવેકભાન જાળવતાં શીખવું અનિવાર્ય છે. નહીંતર AI મનુષ્યત્વને પણ નામશેષ કરી દેશે.

**કીમ, સુરત- પ્રકાશ પરમાર**

## કરોડો લોકોની રોજી રોટીનો પ્રશ્ન!

ટેક્સટાઈલ ઉદ્યોગમાં હવે કારખાના ચલાવવા અતી તકલીફ દાયક થઈ ગયું છે કામ હોય ત્યારે મશીન ચલાવતા પુરતા કારીગરો મળે નહીં અને મંદીનું માહોલ હોય ત્યારે માલના ઢગલા થઈ જાય છે અને તેવા સમયે નજીવા નફાથી વેચેલા માલના રૂપિયા તરત આવતા નથી જો આવા સમયે બેંક લોન ચાલતી હોય તો તેના હપ્તા ભરવા અતિ તકલીફ દાયક થઈ જાયછે હાલમાં જાણવા મળ્યું કે વિવર્સો એ જરી વેચતા વેપારીઓ પાસેથી જરીમાં 10% ની રાહત માંગી છે જરી ઉત્પાદકોને જો ઉત્પાદનમાં દસ ટકા કરતા વધુ માર્જિન હોય તોજ તે 10% ની રાહત આપી શકશે જરી ઉત્પાદકો પાસે 10% ની રાહત ની માંગણી કરવી શુ યોગ્ય છે? રાહત ની માંગણી જરી સપ્લાયર્સ પાસે નહીં પરંતુ ઉદ્યોગ મંત્રી પાસે કરવી જોઈએ જેવી રીતે સરકાર ખેડૂતોની પાસેથી ટેકાના ભાવે અનાજ ખરીદે છે તેવી સિસ્ટમ કાપડ ઉદ્યોગ માટે કેમ નથી? સરકારે નાખેલા તમામ ટેક્સો કાપડ ઉત્પાદકો ભરે જ છે તો પછી કાપડ ઉદ્યોગના કપરા સમયે સરકારે પણ ઉદ્યોગને મદદ કરવી જ જોઈએ ખેતીવાડી પછીનો સૌથી મોટો ધંધો એ ટેક્સટાઈલ ઉદ્યોગ છે જો આ ધંધાને ટકાવવામાં નહીં આવે તો પછી કરોડો લોકોની રોજી રોટી પર તેની અસર પડી શકે છે ટેક્સટાઈલ ઉદ્યોગને મંદી માંથી બહાર કાઢવા અને આ ઉદ્યોગને ટકાવવા સરકાર યોગ્ય પગલાં લે તે હાલના સમયની માંગ છે

**સુરત - વિજય તુઈવાલા**

## વિરોધાભાસી છતાં સમાન!

બાળપણ નિખાલસતા અને ઊર્જાથી ભરેલું હોય છે, જ્યારે ઘડપણ ગાંભીર્ય, અનુભવ અને શારીરિક મર્યાદાઓ સાથે આવે છે! બંને અવસ્થાઓમાં સંભાળ અને પ્રેમાળ વ્યવહારની જરૂરિયાત હોય છે!ઘડપણને માત્ર નબળાઈ તરીકે નહીં, કિન્તુ જીવનના સાચા ડહાપણના પ્રતીક તરીકે જોવું જોઈએ!ખેર,યુવા પેઢી સાથે સુમેળ જરૂરી છે,જેથી બાળપણ જેવી ખુશી ઘડપણમાં મેળવી શકાય! આમ, ઘડપણને હાસ્ય અને ખુમારી સાથે સ્વીકારીને, બે પેઢી વચ્ચેના મનભેદ ટાળીને વડીલોએ માર્ગદર્શન આપવું જોઈએ, એ વાસ્તે પણ નિમ્ન લિખિત મુખ્ય હકીકતો અને વિગતો ધ્યાને લેવાય એમ છે! બાળપણઃ નિર્દોષતા, કુતૂહલ, રમૂજ અને શીખવાની અદમ્ય ઈચ્છા ધરાવતો સમય! ઘડપણ (ઘરડાપો): જીવનનો અનુભવ, ગંભીરતા, અને કેટલીકવાર શારીરિક નબળાઈ કે સંવેદનશીલતા, જેને ડહાપણની અવસ્થા પણ કહેવાય છે અને તેમાં ખાસ કરીને મુખ્ય વાતોમાં...! સમાનતાઃ બંને અવસ્થાઓમાં સંભાળ અને પ્રેમાળ વ્યવહારની જરૂરિયાત હોય છે! દ્રષ્ટિકોણઃ ઘડપણને માત્ર નબળાઈ તરીકે નહીં, પણ જીવનના સાચો ડહાપણના પ્રતીક તરીકે જોવું જોઈએ! સંબંધોઃ બાળપણ જેવી ખુશી ઘડપણમાં મેળવવા માટે યુવા પેઢી સાથે સુમેળ જરૂરી છે!

**સુરત- સુનીલ રાજેન્દ્ર બર્મન**